" श्री सर्वज्ञाय नमः "

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# સુરાજ

# નિત્ય સ્મરણિકા

સમયં ગોયમ મા પમાયં... !

હે જીવ ! ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહી

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala






પ.પૂ.આ.ભ.
શ્રી વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજા



પ.પૂ.તપા.આ.ભ. શ્રી રામસૂરીશ્વરજી મહારાજા
(ડહેલાવાળા)



www.jaintatvagyanshala.org

પ.પૂ.આ.ભ. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

॥ શ્રી પાટણ તીર્થ મંડન શ્રી પંચાસરા પાર્શ્વનાથાય નમઃ ॥

॥ પં. શ્રી સત્થ-કર્પૂર-ક્ષમા-જિન-ઉત્તમ-પદ્મ-રુપ-અમી-
સૌભાગ્ય-રત્ન-મોહન-ધર્મવિજયા ગુરવો જયન્તુ ॥

॥ અપ્રતિમ પ્રતિભા સંપન્ન પ. પૂ. આ શ્રી વિજય સુરેન્દ્ર
રામ સૂરીશ્વરેભ્યો નમો નમઃ ॥

# " સુરાજ "

## – :: નિત્ય સ્મરણિકા :: –

**:: દિવ્યાશિષ ::**

પ.પૂ. તપાગચ્છાધિપતિ આ. ભ.
શ્રીમદ્ વિજય રામ સૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)

**:: પ્રેરક ::**

પ. પૂ. આ. ભ.
શ્રી વિજય જગચ્ચંદ્ર સૂરીશ્વરજી મહરાજા (ડહેલાવાળા)

**:: પ્રકાશક ::**

આ. વિ. શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા
અમદાવાદ - સુરત.



www.jaintatvagyanshala.org

મૂલ્ય : પ્રભુભકિત

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## — :: પ્રાપ્તિસ્થાન :: —

**આચાર્ય શ્રી સૂરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા**

પટણીની ખડકી, આણંદજી કલ્યાણજીની પેઢી સામે,
વાઘણપોળ પાસે, રીલીફ રોડ, કાલુપુર, અમદાવાદ-૧.

**પં. શ્રી રવિવિજયજી જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા**

૨, હરીનગર કો. ઓ. હા. સો. લી.
સ્વાગત એપાર્ટમેન્ટની સામે, સ્નેહમિલન ગાર્ડન પાછળ,
કૈલાસનગર, સુરત.

## :: નિમિત્ત ::

**પ. પૂ. તપાગચ્છાધિપતિ આ. ભ.**
**શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)**
**નો ૭૯ મો દિક્ષા દિન**

આ દિક્ષા દિનના શુભ નિમિત્તને પ્રાપ્ત કરીને પૂજયપાદ શ્રી
ની શુભ ભાવના એવં પ્રેરણાનુસાર પાટણ પંચાસરા તીર્થે
" જ્ઞાન દીપક પ્રગટાવો અંતર તિમિર હટાવો " ના
આ ચતુર્થ મહાયજ્ઞમાં નિત્ય સ્વાધ્યાય અર્થે
આ લઘુ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે.


www.jaintatvagyanshala.org

# :: પ્રભુ સ્તવના ::

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

હે ત્રણ ભુવનના નાથ ! મારી કથની જઈ કોને કહું ?
કાગળ લખ્યો પહોંચે નહીં ફરિયાદ જઈ કોને કરૂં ?
તું મોક્ષની મોઝારમાં હું દુઃખભર્યા સંસારમાં
જરા સામું પણ જુઓ નહીં તો કયાં જઈ કોને કહું ? (૧)

કયારે પ્રભુ ! નિજ દ્વાર ઉભા બાળને નિહાળશો ?
નિત નિત માંગે ભીખ ગુણની એક ગુણ કયારે આપશો ?
શ્રધ્ધા દિપકની જયોત ઝાંખી જવલંત કયારે બનાવશો ?
સૂના સૂના મુજ જીવન ગૃહમાં આપ કયારે પધારશો ? (૨)

નયનો મહીં નયનો મિલાવી જીવનભર જોયા કરૂં
ને આપને જોતાં પ્રભુજી ! કર્મમલ ધોયાં કરૂં
પ્રત્યક્ષ દર્શન પામવા હું જીવન આ ખોયા કરૂં
ને ના મળે તું જયાં લગી હું ખૂબખૂબ રોયા કરૂં (૩)

હૈયે વસેલાં નાથ ! તારી અજબ સુંદર મૂરતિ
જોયા કરૂં અનિમેષ નયને તોય તૃપ્તિ ના થતી
પ્રભુ આટલું જનમો જનમ દેજે મને કરૂણા કરી
વસવા મળે ભવોભય મને બસ આપના ચરણો મહીં (૪)



www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

છોડીશ નહિ તારો છેડલો જુગ જુગ જુની આ વાત છે,
જનમો જનમની પ્રીતડી ધડકન ભર્યો રણકાર છે,
ભૂલો હશે ભૂલી જજે તેમાંજ તારી બડાઈ છે,
ભગવાન છો માની જાવ આ તો ભકતોનો એકરાર છે, (૫)

દુઃખો તણા ડુંગર ભલે તૂટી પડો મુજ ઉપરે
આપત્તિના વાદળ ભલે વરસી પડો મુજ ઉપરે
રોગો તણી ફોજો ભલે ને ત્રાટકે મુજ ઉપરે
પણ સર્વ કાળે નાથ ! તારો હાથ રહો મુજ ઉપરે (૬)

રોગો ભલે મુજ જાય ના, મુજ રાગને પ્રભુ ! ટાળજો,
દુઃખો ભલે મુજ જાય ના, મુજ દોષને પ્રભુ ! ટાળજો,
કર્મો ભલે મુજ જાયના, અંતર કષાયને ટાળજો,
ભલે દુર્ગતિ મુજ ના ટળે, પણ દુર્મતિ પ્રભુ ! ટાળજો (૭)

હે દેવ ! તારક ! વિશ્વનાયક ! સૌખ્યદાયક જિનપતિ !
વંદન કરૂં ચરણે તમારા એક સુણજો વિનતી
નવિ માંગું સુરપણું ચક્રવર્તી રાજય કે સુત વિત્તને
પણ માંગું તુજ પદ પદ્મસેવા સર્વદા મળજો મને (૮)


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

હે દેવ ! માંગુ તુમ કને આયાસ વિણ મૃત્યુ મળે
દુઃખ માંહી પણ દીનતા વિના જો જીવન મારૂં ઝળહળે
ને અંત કાળે શરણ તારૂં નાથ ! માંગું ભાવથી
પામી પ્રભુ ! તુજને હવે ભવવન મહીં ભમવું નથી (૯)

પ્રશ્નો પૂછું છું કેટલા ઉત્તર મને મળતાં નથી
દીધેલ કોલ ભૂલી ગયા જાણે જૂની ઓળખ નથી
દાદા થઈ બેસી ગયા હવે દાદ પણ દેતા નથી
આવી ઉભો તારે દ્વારે પણ આવકાર મુજ દેતા નથી. (૧૦)

ખસવું જરીયે ના ગમે લાચાર થઈ ખસવું પડે,
મનડું તો મારૂં ભાંગી જાયે તેની સમજણ ના પડે,
પ્રભુ કાળજું આ કઠણ કેવું કર્મોની સજા મળે,
પિંજરે પુરાયેલા હંસને બોલાવને તારી કને (૧૧)

(રાગ : અર્હન્તો ભગવંત)

તુજને નાથ ! પ્રણામ નિત્ય કરતા દુઃખો તણો નાશ હો !
વંદન વારંવાર નાથ ! સઘળાં કર્મો તણો ક્ષય કરો !
તારા ધ્યાન મહીં વિલીન ભગવન્ ! મૃત્યુ સમાધિસ્થ હો
બોધિ કેવળજ્ઞાન લાભ જિનવર ! વંદન થકી પ્રાપ્ત હો ! (૧૨)


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

(રાગ : ઓઘાગોઘ)

બારે પર્ષદા મધ્યમાં પ્રભુ ! તમે જયારે દીધી દેશના
ત્યારે હું નિર્ભાગી દૂર વસીયો તે મેં સુણી લેશના
પંચમ કાળની આગમાં પ્રભુ ! તમે મૂર્તિરૂપે છો મળ્યા
મારે તો ઘર આંગણે સુરતરુ સાક્ષાત આજે ફળ્યાં. (૧૩)

પામ્યો આજે, પરમ પદનો, પંથ તારી કૃપાથી
મિથ્યા મારા, ભ્રમણ ભવનાં, દિવ્ય તારી કૃપાથી
પાપો સર્વે, ક્ષીણ થઈ ગયા, દેવ ! તારી કૃપાથી
ખૂલ્યાં ખૂલ્યાં, સકળ સુખના, દ્વાર તારી કૃપાથી (૧૪)

દેખી મૂર્તિ, શ્રી પાર્શ્વ જિનની, નેત્ર મારા ઠરે છે
ને હૈયું મારૂં, ફરી ફરી પ્રભુ ! ધ્યાન તારૂં ધરે છે
આત્મા મારો, પ્રભુ ! તુમ કને, આવવા ઉલ્લસે છે
આપો એવું બળ હૃદયમાં, માહરી આશ એ છે (૧૫)

જેની આંખો, પ્રશમ ઝરતી, સૌમ્ય આનંદ આપે
જેની વાણી, અમૃત ઝરતી, દર્દ સંતાપ કાપે
જેની કાયા, પ્રશમ ઝરતી, શાંતિનો બોધ આપે,
એવું મીઠું, સ્મરણ પ્રભુનું, પંથનો થાક કાપે. (૧૬)


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

(રાગ : ઊંડા અંધારેથી)

ફળે જેના ધ્યાને, સકલ મનના, ઈષ્ટ પળમાં
ગવાયેલો જેનો, અતુલ મહિમા, વિશ્વભરમાં
કરે જેની સેવા, ધરણપતિ પદ્માવતી સદા
હરો પાર્શ્વ સ્વામી, મુજ હૃદયની, સર્વ વિપદા (૧૭)

પ્રભાતે હું વંદુ, ઋષભજિનને, શાંતિપ્રભુને
શિવાદેવી જાયા, શિવસુખકરા, નેમિજિનને
વળી વામાનંદા, વિપદ હરતાં, પાર્શ્વપ્રભુને
નમું માંગલ્યાર્થે, જિનવર મહાવીર વિભુને. (૧૮)


www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## -:: શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તુતિ ::-

જેના સ્મરણથી જીવનના સંકટ બધા દૂરે ટળે,
જેના સ્મરણથી મનતણા વાંચ્છિત સહુ આવી મળે,
જેના સ્મરણથી આધિ ને વ્યાધિ ઉપાધિ ના ટકે,
એવા શ્રી પંચાસર પ્રભુના ચરણમાં પ્રેમે નમું (૧)

વિઘ્નો તણા વાદળ ભલે ચોમેર ઘેરાઈ જતાં,
આપત્તિના કંટક ભલે ચોમેર વેરાઈ જતાં,
વિશ્વાસ છે જસ નામથી એ દૂર ફેંકાઈ જતાં,
એવા શ્રી પંચાસર પ્રભુના ચરણમાં પ્રેમે નમું. (૨)

ત્રણ કાળમાં ત્રણ ભુવનમાં વિખ્યાત મહિમા જેહનો,
અદ્‌ભુત છે દેદાર જેહના દર્શનીય આ દેહનો,
લાખો કરોડો સુર્ય પણ જસ આગળે ઝાંખા ઠરે,
એવા શ્રી પંચાસર પ્રભુના ચરણમાં પ્રેમે નમું. (૩)

ધરણેન્દ્ર ને પદ્માવતી, જેની સદા સેવા કરે,
ભકતો તણા વાંછિત સઘળા ભકિતથી પૂરા કરે,
ઈન્દ્રો નરેન્દ્રો ને મુનીન્દ્રો જાપ કરતા જેહનો,
એવા શ્રી પંચાસર પ્રભુના ચરણમાં પ્રેમે નમું (૪)


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

જેના પ્રભાવે જગતના જીવો બધા સુખ પામતા,
જેના ન્હવણથી જાદવોના દુઃખ દૂરે ભાગતા,
જેના ચરણના સ્પર્શને નિશદિન ભકતો ઝંખતા,
એવા શ્રી પંચાસર પ્રભુના ચરણમાં પ્રેમે નમું. (૫)

બે કાને કુંડળ જેહના માથે મુગટ વિરાજતો,
આંખો મહિ કરૂણા અને નિજ હૈયે હાર વિરાજતો,
દર્શન પ્રભુનું પામી મનનો મોરલો મુજ નાચતો,
એવા શ્રી પંચાસર પ્રભુના ચરણમાં પ્રેમે નમું. (૬)

ૐ હ્રીં પદોને જોડીને શંખેશ્વરાને જે જપે,
ધરણેન્દ્ર પદ્માવતી પૂજિત શંખેશ્વરાને જે જપે,
જનમોજનમના પાપ ને સહુ અંતરાયો તસ તૂટે,
એવા શ્રી પંચાસર પ્રભુના ચરણમાં પ્રેમે નમું. (૭)

કલિકાલમાં હજરાહજૂર દેવો તણાએ દેવ જે,
ભકતો તણી ભવભાવઠોને ભાંગનારા દેવ જે,
'મુકિતકિરણ' ની જયોતને પ્રગટાવનારા દેવ જે,
એવા શ્રી પંચાસર પ્રભુના ચરણમાં પ્રેમે નમું. (૮)


www.jaintatvagyanshala.org

Aacharya vijayshri Surendrasurishwerji Jain Tatvagyanshala

# :: શ્રી અરિહંત વંદનાવલી ::

જે ચૌદ મહાસ્વપ્નો થકી, નિજમાતને હરખાવતા,
વળી ગર્ભમાંહી જ્ઞાનત્રયને, ગોપવી અવધારતા,
ને જન્મતા પહેલાં જ ચોસઠ ઈન્દ્ર જેને વંદતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાગ ભાવે હું નમ ; (૧)

મહાયોગના સામ્રાજયમાં જે, ગર્ભમાં ઉલ્લાસતા,
ને જન્મતાં ત્રણ લોકમાં, મહાસૂર્ય સમ પ્રકાશતા,
જે જન્મકલ્યાણક વડે સહુ જીવને, સુખ અર્પતા ;
એવા પ્રભુ... (૨)

છપ્પન દિક્કુમરી તણી, સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર કરસંપુટ મહીં, ધારી જગત હરખાવતા,
મેરુશિખર સિંહાસને જે નાથ, જગના શોભતા ;
એવા પ્રભુ... (૩)

કુસુમાંજલિથી સુરઅસુર જે, ભવ્ય જિનને પૂજતા,
ક્ષીરોદધિના ન્હવણજલથી, દેવ જેને સિંચતા,
વળી દેવદુંદુભિ નાદ ગજવી, દેવતાઓ રીઝતા ;
એવા પ્રભુ... (૪)

મઘમઘ થતા ગોશીર્ષ ચંદનથી વિલેપન પામતા,
દેવેન્દ્ર દૈવી પુષ્પની માળા ગળે આરોપતા,
કુંડલ કડાં મણિમય ચમકતાં, હાર મુકુટે શોભતા ;
એવા પ્રભુ... (૫)

ને શ્રેષ્ઠવેણુ મોરલી, વીણા મૃંદગતણા ધ્વનિ,
વાંજિત્ર તાલે નૃત્ય કરતી, કિન્નરીઓ સ્વર્ગની,
હર્ષ ભરી દેવાંગનાઓ નમન કરતી લળી લળી ;
એવા પ્રભુ... (૬)


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

જયનાદ કરતા દેવતાઓ, હર્ષના અતિરેકમાં,
પધરામણી કરતા જનેતાના મહાપ્રસાદમાં,
જે ઈન્દ્રપૂરિત વરસુધાને, ચૂસતા અંગુષ્ઠમાં ;
એવા પ્રભુ... (૭)

આહારને નિહાર જેના છે અગોચર ચક્ષુથી,
પ્રસ્વેદ વ્યાધિ મેલ જેના અંગને સ્પર્શે નહી,
સ્વર્ધેનું દુગ્ધસમાં રુધિરને માંસ જેના તન મહીં ;
એવા પ્રભુ... (૮)

મંદાર પારિજાત સૌરભ, શ્વાસને ઉચ્છ્વાસમાં,
ને છત્રચામર જયપતાકા સ્તંભ જવ કરપાદમાં,
પૂરા સહસ વિશેષ અષ્ટક, લક્ષણો જયાં શોભતા ;
એવા પ્રભુ... (૯)

દેવાંગનાઓ પાંચ આજ્ઞા, ઈન્દ્રની સન્માનતી,
પાંચે બની ધાત્રી દિલે, કૃતકૃત્યતા અનુભાવતી,
વળી બાલક્રિડા દેવગણના, કુંવરો સંગે થતી ;
એવા પ્રભુ...(૧૦)

જે બાલ્ય-વયમાં પ્રૌઢજ્ઞાને, મુગ્ધ કરતા લોકને,
સોળે કળા વિજ્ઞાન કેરા, સારને અવધારીને,
ત્રણ લોકમાં વિસ્મયસમા ગુણરૂપ યૌવનયુક્ત જે ;
એવા પ્રભુ...(૧૧)

મૈથુન પરિષહથી રહિત જે, નંદતા નિજભાવમાં,
ને ભોગકર્મ નિવારવા વિવાહ કંકણ ધારતા,
ને બ્રહ્મચર્ય તણો જગાવ્યો, નાદ જેણે વિશ્વમાં ;
એવા પ્રભુ...(૧૨)


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

મૂર્છા નથી પામ્યા મનુજમાં, પાંચ ભેદે ભોગમાં,
ઉત્કૃષ્ટ જેની રાજયનીતિથી પ્રજા સુખચેનમાં,
વળી શુદ્ધ અધ્યવસાયથી, જે લીન છે નિજભાવમાં ;
એવા પ્રભુ... (૧૩)

પામ્યા સ્વયંસંબુદ્ધ પદ જે, સહજવર વિરાગવંત,
ને દેવલોકાંતિક ઘણી, ભકિત થકી કરતા નમન,
જેને નમી કૃતાર્થ બનતા ચાર ગતિના જીવગણ ;
એવા પ્રભુ... (૧૪)

આવો પધારો ઈષ્ટવસ્તુ, પામવા નરનારીઓ,
એ ઘોષણાથી અર્પતા સાંવત્સરિક મહાદાનને,
ને છેદતા દારિદ્રય સહુનું, દાનના મહાકલ્પથી ;
એવા પ્રભુ... (૧૫)

દીક્ષા તણો અભિષેક જેનો, યોજતા ઈન્દ્રો મળી,
શિબિકા સ્વરૂપ વિમાનમાં, વિરાજતા ભગવંતશ્રી,
અશોક પુન્નાગ તિલક ચંપા વૃક્ષ શોભિત વનમહીં ;
એવા પ્રભુ... (૧૬)

શ્રી વજધર ઈન્દ્રે રચેલા, ભવ્ય આસન ઉપરે,
બેસી અલંકારો ત્યજે, દીક્ષા સમય ભગવંત જે,
જે પંચમુષ્ટિ લોચ કરતા, કેશ વિભુ નિજ કર વડે ;
એવા પ્રભુ... (૧૭)

લોકાગ્રગત ભગવંત સર્વે, સિદ્ધને વંદન કરે,
સાવધ સઘળા પાપ યોગોનાં કરે પચ્ચકખાણને,
જે જ્ઞાન-દર્શનને મહાચારિત્ર રત્નત્રયી ગ્રહ ;
એવા પ્રભુ... (૧૮)


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

નિર્મલવિપુલમતિ મનઃ પર્યવજ્ઞાન સહેજે દીપતા,
ને પંચસમિતિ ગુપ્તિત્રયની રયણમાળા ધારતા,
દશભેદથી જે શ્રમણ સુંદર ધર્મનું પાલન કરે ;
એવા પ્રભુ... (૧૯)

પુષ્કર કમલના પત્રની, ભાંતિ નહિ લેપાય જે,
ને જીવની માફક અપ્રતિહત વરગતિએ વિચરે,
આકાશની જેમ નિરાલંબન ગુણ થકી જે ઓપતા ;
એવા પ્રભુ... (૨૦)

ને અસ્ખલિત વાયુ સમૂહની જેમ જે નિર્બંધ છે,
સંગોપિતાંગોપાંગ જેના, ગુપ્ત ઈન્દ્રિય દેહ છે,
નિસ્સંગતા વિહંગશી, જેનો અમુલખ ગુણ છે ;
એવા પ્રભુ... (૨૧)

ખડ્ગીતણા વરશૃંગ જેવા, ભાવથી એકાકી જે,
ભારંડપંખી સારીખા ગુણવાન અપ્રમત્ત છે,
વ્રતભાર વહેલા વરવૃષભની, જેમ જેહ સમર્થ છે ;
એવા પ્રભુ... (૨૨)

કુંજરસમાં શૂરવીર જે છે, સિંહસમ નિર્ભય વળી,
ગંભીરતા સાગર સમી, જેના હૃદયને છે વરી,
જેના સ્વભાવે સૌમ્યતા છે, પૂર્ણિમાના ચંદ્રની ;
એવા પ્રભુ... (૨૩)

આકાશ ભુષણ સૂર્ય જેવા, દીપતા તપતેજથી,
વળી પુરતા દિગંતને, કરુણા ઉપેક્ષા મૈત્રીથી,
હરખાવતા જે વિશ્વને, મુદિતા તણા સંદેશથી ;
એવા પ્રભુ... (૨૪)


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

જે શરદઋતુના જળસમા નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર કરતા, જે વિભિન્ન સ્થળો વિષે,
જેની સહનશકિત સમીપે, પૃથ્વી પણ ઝાંખી પડે ;
એવા પ્રભુ...(૨૫)

બહુપુણ્યનો જયાં ઉદય છે એવા ભવિકના દ્વારને,
પાવન કરે ભગવંત નિજ તપ, છઠ્ઠ અઠ્ઠમ પારણે,
સ્વીકારતા આહાર બેતાલીસ દોષ વિહીન જ ;
એવા પ્રભુ...(૨૬)

ઉપવાસ માસખમણ સમા, તપ આકારા તપતા વિભુ,
વીરાસનાદિ આસને, સ્થિરતા ધરે જગના પ્રભુ,
બાવીસ પરીષહને સહંતા ખૂબ જે અદ્ભુત વિભુ ;
એવા પ્રભુ...(૨૭)

ને બાહ્ય અભ્યંતર બધા, પરિગ્રહ થકી જે મુકત છે,
પ્રતિમા વહનવળી શુકલધ્યાને, જે સદાય નિમગ્ન છે,
જે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરતા મોહમલ્લ વિદારીને ;
એવા પ્રભુ...(૨૮)

જે પૂર્ણ કેવલજ્ઞાન, લોકાલોકને અજવાળતું,
જેના મહાસામર્થ્ય કેરો, પાર કો નવ પામતું,
એ પ્રાપ્ત જેણે ચારઘાતી કર્મને છેદી કર્યું ;
એવા પ્રભુ...(૨૯)

જે રજત સોનાને અનુપમ, રત્નના ત્રણ ગઢમહીં,
સુવર્ણના નવ પદ્મમાં પદકમલને સ્થાપન કરી,
ચારે દિશા મુખ ચાર ચાર, સિંહાસનને જે શોભતા ;
એવા પ્રભુ...(૩૦)


www.jaintatvagyanshala.org

Aacharya vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala

જયાં છત્ર સુંદર ઉજ્જવળા, શોભી રહ્યા શિર ઉપરે,
ને દેવદેવી રત્ન ચામર વીંઝતા કરદ્વય વડે,
દ્વાદશ ગુણા વર દેવવૃક્ષ, અશોકથી ય પુજાય છે ;
એવા પ્રભુ... (૩૧)

મહાસૂર્ય સમ તેજસ્વી શોભે, ધર્મચક્ર સમીપમાં,
ભામંડલે પ્રભુપીઠથી, આભા પ્રસારી દિગંતમાં,
ચોમેર જાનું પ્રમાણ પુષ્પો, અર્ધ્ય જિનને અર્પતા ;
એવા પ્રભુ... (૩૨)

જયાં દેવદુંદુભિ ઘોષ ગજવે, ઘોષણા ત્રણલોકમાં,
ત્રિભુવન તણા સ્વામી તણી, સૌએ સુણો શુભ દેશના
પ્રતિબોધ કરતા દેવ માનવને વળી તિર્યંચને ;
એવા પ્રભુ... (૩૩)

જયાં ભવ્ય જીવોના અવિકસિત ખીલતાં પ્રજ્ઞાકમલ,
ભગવંતવાણી દિવ્યસ્પર્શે, દૂર થતા મિથ્યા વમળ,
ન`દેવ દાનવં ભવ્ય માનવ, ઝંખતા જેનું શરણ ;
એવા પ્રભુ... (૩૪)

જે બીજ ભૂત ગણાય છે, ત્રણપદ ચતુર્દશ પૂર્વના,
ઉપ્પન્નઈ વા વિગમેઈ વા ધુવેઈ વા મહાતત્ત્વના,
એ દાન સુશ્રુતજ્ઞાનનું દેનાર ત્રણ જગનાથ જે ;
એવા પ્રભુ... (૩૫)

જે ચૌદપૂર્વોના રચે છે, સૂત્રસુંદર સાર્થ જે,
તે શિષ્યગણને સ્થાપતા, ગણધર પદે જગનાથ જે,
ખોલે ખજાનો ગૂઢ માનવ જાતના હિત કારણે ;
એવા પ્રભુ... (૩૬)


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

જે ધર્મ તીર્થંકર ચતુર્વિધ સંઘ સંસ્થાપન કરે,
મહાતીર્થ સમ એ સંઘને, સુર અસુર સહ વંદન કરે,
ને સર્વ જીવો ભૂત, પ્રાણી સત્ત્વશું કરુણા ધરે ;
એવા પ્રભુ... (૩૭)

જેને નમે છે ઈન્દ્ર વાસુદેવ ને બલભદ્ર સહુ,
જેના ચરણને ચક્રવતી, પૂજતાં ભાવે બહુ,
જેણે અનુત્તર વિમાનવાસી દેવના સંશય હણ્યા ;
એવા પ્રભુ... (૩૮)

જે છે પ્રકાશક સહુ પદાર્થો, જડ તથા ચૈતન્યના
વરશુકલ લેશ્યા તેરમે, ગુણસ્થાનકે પરમાતમા,
જે અંત આયુકર્મનો, કરતા પરમ ઉપકારથી ;
એવા પ્રભુ... (૩૯)

લોકાગ્રભાગે પહોંચવાને, યોગ્ય ક્ષેત્રી જે બને,
ને સિદ્ધનાં સુખ અર્પતી અંતિમ તપસ્યા જે કરે,
જે ચૌદમા ગુણસ્થાનકે, સ્થિર પ્રાપ્ત શૈલેશીકરણ ;
એવા પ્રભુ... (૪૦)

હર્ષ ભરેલા દેવનિર્મિત, અંતિમે સમવસરણે,
જે શોભતા અરિહંત પરમાત્મા જગતઘર આંગણે,
જે નામના સંસ્મરણથી, વિખરાય વાદળ દુઃખના ;
એવા પ્રભુ... (૪૧)

જે કર્મનો સંયોગ વળગેલો અનાદિ કાળથી,
તેથી થયા જે મુકત પુરણ, સર્વથા સદ્ભાવથી,
રમમાણ જે નિજરૂપમાં ને સર્વજગતનું હિત કરે ;
એવા પ્રભુ... (૪૨)


www.jaintatvagyanshala.org

Aacharya vijayshri Surendrasurisvarji Jain Tatvagyanshala

જે નાથ ઔદારિક વળી, તૈજસ તથા કાર્મણ તનુ,
એ સર્વને છોડી અહીં, પામ્યા પરમપદ શાશ્વતુ,
જે રાગદ્વેષ જળે ભર્યા, સંસારસાગરને તર્યા ;
એવા પ્રભુ...(૪૩)

શૈલેશી કરણે ભાગ ત્રીજે, શરીરના ઓછા કરી,
પ્રદેશ જીવનના દાન કરી, વળી પૂર્વધ્યાન પ્રયોગથી,
ધનુષ્યથી છૂટેલ બાણ તણી પરે શિવગતિ લહી ;
એવા પ્રભુ...(૪૪)

નિર્વિઘ્ન સ્થિરને અચલ અક્ષય, સિદ્ધિગતિ એ નામનું,
છે સ્થાન અવ્યાબાધ જયાંથી નહિ પુનઃ ફરવાપણું,
એ સ્થાનને પામ્યા અનંતા, ને વળુ જે પામશે ;
એવા પ્રભુ...(૪૫)

આ સ્તોત્રને પાકૃતગિરામાં વર્ણવ્યું ભકિતબળે,
અજ્ઞાત ને પ્રાચીન મહામના, કો મુનીશ્વર બહુશ્રુતે,
પદપદ મહીં જેના મહાસામર્થ્યનો મહિમા મળે.
એવા પ્રભુ...(૪૬)

જે નમસ્કાર સ્વાધ્યાયમાં, પ્રેક્ષી હૃદય ગદ્ગદ બન્યું,
શ્રીચંદ્ર નાચ્યો ગ્રંથ લેઈ, મહાભાવનું શરણું મળ્યું,
કીધી કરાવી અલ્પભકિત, હોંશનું તરણું ફળ્યું ;
એવા પ્રભુ...(૪૭)

જેના ગુણોના સિંધુના, બે બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલમહીં કે નાથ સમ કો છે નહિ,
જેના સહારે ક્રોડ તરીયા મુકિત મુજ નિશ્ચય સહિ ;
એવા પ્રભુ...(૪૮)

જે નાથ છે ત્રણ ભુવનના કરૂણા જગે જેની વહે,
જેના પ્રભાવે વિશ્વમાં, સદ્ભાવની સરણી વહે,
આપે વચન 'શ્રીચંદ્ર' જગને, એ જ નિશ્ચય તારશે ;
એવા પ્રભુ...(૪૯)


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri … Jain Tatvagyanshala


મંદિર છો મકિતતણાં માંગલ્યક્રીડાના પ્રભુ,
ને ઈન્દ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ,
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું, ઘણું જીવ તું, ભંડાર જ્ઞાન કળા તણા (૧)

ત્રણ જગતના આધાર ને, અવતાર હે કરુણાતણા,
વળી વૈદ્ય હે ! દુર્વાર આ સંસારના દુઃખો તણા,
વીતરાગ વલ્લભ વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરું (૨)

શું બાળકો મા - બાપ પાસે બાળક્રીડા નવ કરે ?
નુ મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે ?
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી (૩)

મેં દાન તો દીધું નહિ ને, શીયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભભાવ પણ ભાવ્યો નહિ,
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ ! નવ કર્યું,
મારું ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું, નિષ્ફળ ગયું. (૪)

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયાજાળમાં, મોહન ! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે. (૫)


www.jaintatvagyanshala.org

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ, અલ્પ પણ પામ્યો નહિ,
જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા. (૬)

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરેરે ! શું કરુ હું તો વિભુ,
પથ્થર થકી પણ કઠણ મારૂ મન હવે કયાંથી દ્રવે,
મરકટ સમા આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે. (૭)

ભમતા મહા ભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણાં,
તે પણ ગયા પ્રમાદના વશથી પ્રભુ કહું છું ખરૂ,
કોની કને કિરતાર આ પોકાર હું જઈને કરૂ ? (૮)

ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા,
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?
સાધુ થયો હું બહારથી દાંભિક અંદરથી રહું. (૯)

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યા પરનારીમાં લપટાઈને,
વળી ચિત્તને દૂષિત કર્યું ચિંતી નઠારું પરતણું,
હે નાથ ! મારૂ શું થશે, ચાલાક થઈ ચૂકયો ઘણું. (૧૦)

કરે કાળજાને કતલ પીડા કામની બિહામણી,
એ વિષયમાં બની આંધ હું, વિડંબના પામ્યો ઘણી,
તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને. (૧૧)

નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાકયો વડે, હણી આગામોની વાણીને,
કુદેવની સંગત થકી કર્મો નકામા આચર્યા,
મતિ ભ્રમથકી રત્નો ગુમાવી કાચ કટકા મેં ગ્રહ્યા. (૧૨)

આવેલ દષ્ટિમાર્ગમાં મૂકી, મહાવીર આપને,
મેં મૂઢધીએ હ્રદયમાં ધ્યાયા મદનના ચાપને,
નેત્રબાણો ને પયોધર, નાભિ ને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણા, છટકેલ થઈ જોયા અતિ. (૧૩)

મૃગનયન સમ નારીતણાં મુખચંદ્ર નીરખવાવતી,
મુજમન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગૂઢો અતિ,
તે શ્રુતરૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી.
તેનું કહો કારણ તમે બચું કેમ હું આ પાપથી. (૧૪)

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણતણો નથી.
ઉત્તમ વિલાસ કલાતણી દેદીપ્યમાન પ્રભા નથી,
પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અકકડ ફરું,
ચોપાટ ચાર ગતિતણી, સંસારમાં ખેલ્યા કરું. (૧૫)

આયુષ્ય ઘટતું જાય તો પણ, પાપબુધ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ, વિષયાભિલાષા નવ મટે,
ઔષધ વિષે કરૂં યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાનાં ઘર ચણું. (૧૬)

આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી,
રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ આપશ્રી તો પણ અરે !
દીવો લઈ કૂવે પડયો ધિક્કાર છે મુજને ખરે. (૧૭)

મેં ચિત્તથી નહિ દેવની, કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ,
પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રડયા જેવું થયું
ધોબી તણા કુત્તા સમું, મમ જીવન સહુ એળે ગયું. (૧૮)

હું કામધેનુ કલ્પતરુ, ચિંતામણિના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં,
જે પ્રગટ સુખ દેનાર તારો, ધર્મ તે સેવ્યો નહિ.
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ ! કર કરૂણા કંઈ. (૧૯)

મેં ભોગ સારા ચિંતવ્યા, ને રોગ સમ ચિંત્યા નહિ.
આગમન ઈચ્છયું ધનતણું, પણ મૃત્યુને પ્રીછયું નહિ,
મેં ચિંતવ્યું નહીં નરક કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં ભયમાત્ર હું ભૂલી ગયો. (૨૦)

હું શુધ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારનાં, યશ પણ ઉપાર્જન નવ કર્યો,
વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે આ લક્ષ ચોરાશી તણા ફેરા ફર્યા (૨૦)

ગુરૂવાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ અને
દુર્જનતણાં વાકયો મહીં શાંતિ મળે કયાંથી મને ?
તરૂં કેમ હું સંસાર આ અધ્યાત્મ તો છે નહિ જરી ?
તૂટેલ તળિયાનો ઘડો જળથી, ભરાયે કેમ કરી ? (૨૧)

મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો કયાંથી થશે હે નાથજી !
ભૂત ભાવિને સાંપ્રત ત્રણે ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ! ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો, (૨૨)

અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું,
હે દેવતા ના પૂજય ! આ ચારિત્ર મુજ પોતા તણું,
જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો માહરૂ શું માત્ર આ,
જયા ક્રોડનો હિસાબ નહીં ત્યાં પાઈની તો વાત કયાં ? (૨૩)

શાર્દૂલ

તારાથી ન સમર્થ અન્ય દિનનો, ઉદ્ધારનારો પ્રભુ,
મારાથી નહિ અન્ય પાત્ર જગમાં જોતા જડે હે વિભુ,
મુકિત મંગળ સ્થાન તો ય મુજને ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી. (૨૪)

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# :: ઉપકરણ વંદનાવલી ::

જે વેષને પ્રભુએ ધર્યો, પ્રભુએ ભર્યો શુભતા થકી,
જે વેષને પ્રભુએ કહ્યો આચારથી વળી આણથી
જે વેષને લેતા જ સોહે જિનવરા ચઉનાણથી
તે શ્રમણ સુંદર વેષને ભાવે કરૂ હું વંદના... (૧)

કર્મો ઉપાર્જ્યાં જે ઘણાં અજ્ઞાનથી આવેશથી
તે સર્વે પાપ વિનાશ થાઓ શ્રમણના આ વેષથી
ગણવેશના આ વિશ્વમાં છે સ્થાન જેનું વિશેષથી
તે શ્રમણ સુંદર વેષને ભાવે કરૂં હું વંદના... (૨)

દેવો તણા સ્વામી સદા જે વેષ કાજે તરફડે
શ્રેણિક સમા પરમાર્હતોના જીવનમાં જે ના જડે
બહુ પુણ્યકારી જીવને જ વેષ અમુલખ સાંપડે
તે શ્રમણ સુંદર વેષને ભાવે કરૂં હું વંદના... (૩)

જે વેષને ધારણ કરે વંદન, જગત તેને કરે
જે વેષને નજરે નિહાળી કેંક ભવસાગર તરે
આ વિશ્વમાં જે વેષ કાજે લોક બહુ આદર ધરે
તે શ્રમણ સુંદર વેષને ભાવે કરૂં હું વંદના... (૪)

ગૃહરજતણું વારણ કરે તેને મનુજ કરમાં ગ્રહે
જે કર્મરજને દૂર કરતું રજોહરણ કિમ ના ગ્રહે ?
છે કર્મયુદ્ધે જેહ અસિ સમ કરતું કર્મનિકંદના
ઉપકારકારી ઉપકરણને ભાવથી કરૂં વંદના... (૫)

વિણ પાત્ર ભોજન સાધુને પ્રભુએ નિષેધ્યું તેહથી
કલ્પે ગ્રહણ સુવિહિત મુનિને પાત્રનું સુવિવેકથી
કરો કામના ધરો ભાવના કરૂં પાત્રદાન હું ટેકથી
ઉપકારકારી ઉપકરણને ભાવથી કરૂં વંદના... (૬)

જયણા તણું સાધન બને રક્ષણ તણું કારણ બને
જે સ્વ પરનું પરિજન બનીને જીવનું તારણ બને,
ધન્ય તે સહુ શ્રમણને કંબલ સદા ધારણ કરે,
ઉપકારકારી ઉપકરણને ભાવથી કરૂં વંદના... (૭)

જે બોધ રહ્યો અક્ષર મહીં અક્ષર રહ્યા છે પુસ્તકે
બને જ્ઞાન સાધનપોથી પ્રત તેહને ધરૂ હું મસ્તકે
અક્ષર કહો સાક્ષર કહો, છે અભેદનયથી એકતા
ઉપકારકારી ઉપકરણને ભાવથી કરૂં વંદના... (૮)

અપરાધી હોય તો પણ કદી કોઈ જીવને નવ મારતા
પણ કષ્ઠનિર્મિત મેરૂશિખરી દંડને જે ધારતા
ત્રણ દંડને ફટકારતા કર મોક્ષદંડક રાખતા
ઉપકારકારી ઉપકરણને ભાવથી કરૂં વંદના... (૯)

સાધક મુનિના હસ્તમાં જયમાળના મણકા ફરે,
ઉર્જા ખરે ચોતરફથી ને સુક્ષ્મનાં તણખા ઝરે
માળા ગ્રહી કરે જાપ પ્રભુનો પાપની ક્ષયણા કરે
ઉપકારકારી ઉપકરણને ભાવથી કરૂં વંદના... (૧૦)

ભૂમિ પ્રમાર્જીને પછી બેસે સદા જે આસને
વસ્તી મહીં પણ ચાલતા નિશિએ જુએ દંડાસને
પાત્રક તણું કરવા પ્રમાર્જન પૂંજણીને અપેક્ષતા
ઉપકારકારી ઉપકરણને ભાવથી કરૂં વંદના... (૧૧)

કરી સાધના લઈ શ્રમ ઘણો સંસ્તારકે મુનિ સુવતાં
નવ સાધના કાજે નવું લઈ જોમ જયાંથી ઉઠતાં
જડ છે છતા મહાભાગ્ય કરે મુનિદેહની વિશ્રામણા
ઉપકારકારી ઉપકરણને ભાવથી કરૂં વંદના... (૧૨)

# શ્રી પાર્શ્વનાથ પ્રભુના સ્તવનો

## ૧. સુખદાઈ રે સુખદાઈ

સુખદાઈ રે સુખદાઈ, દાદા પાર્શ્વજી સુખદાઈ
ઐસો સાહિબ નહિં કોઉ જગમેં, સેવા કીજે દિલ લાઈ. દાદા. ૧
સબ સુખદાયક એહિં જ નાયક, એહિ સહાયક સુસહાઈ.
કિંકરકું કરે શંકર સરિખો, આપે અપની ઠકુરાઈ. દાદા. ૨
મંગળ રંગ વધે પ્રભુ ધ્યાને, પાપ વેલી જાય કરમાઈ.
શીતલતા પ્રગટે ઘટ અંતર.... મીટે મોહકી ગરમાઈ. દાદા. ૩
કહાં કરૂં ચિંતામણિ સુરતરૂં કો, જો મેં પ્રભુ સેવા પાઈ.
જસ વિજય કહે દર્શન દેખ્યો. ઘર અંગન નવનિધિ આઈ. દાદા. ૪

## ૨. અખિયાં હરખણ લાગી

અખિયાં હરખણ લાગી, હમારી, અખિયાં હરખણ લાગી,
દર્શન દેખત પાર્શ્વજિણંદ કો, ભાગ્ય દશા અબ જાગી. ૧
અકલ અરૂપી ઔર અવિનાશી, જગમેં તુંહી નિરાગી. ૨.
સુરત સુંદર અચરિજ એહી, જગ જનને કરે રાગી. ૩
શરણાગત પ્રભુ ! તુજ પદ પંકજ સેવના મુજ મતિ જાગી. ૪.
લીલા લહેરે દે નિજ પદવી, તુમ સમ કો નહીં ત્યાગી. ૫.
વમાનંદન ચંદનની પરે, શીતલ તુ સોભાગી. ૬.
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન ધરંતા, ભવ ભય ભાવઠ ભાંગી. ૭.

## ૩. પરમાતમ પરમેશ્વરૂ

પરમાતમ પરમેશ્વરૂ, જગદીશ્વર જિનરાજ, જગ બંધવ
જગભાણ, બલિહારી તુમતણી, ભવજલધિ માંહિ જહાજ. ૧.
તારક વારક મોહનો, ધારક નિજગુણ ઋદ્ધિ,
અતિશયવંત રૂપાણી શિવવધુ, પરણી લહી નિજ સિદ્ધિ. ૨.
જ્ઞાન દર્શન અનંત છે, વળી તુજ ચરણ અનંત,
એમ દાનાદિ અનંત ક્ષાયિક ભાવે થયા, ગુણ તે અનંતાનંત. ૩.
બત્રીશ વરણ સમાય છે, એક જ શ્લોક મોઝાર,
એક વરણ પ્રભુ તુજ ન માયે, જગતમાં કેમકરી થુણીએ ઉદાર. ૪.
તુજ ગુણ કોણ ગણી શકે ? જો પણ કેવલ હોય,
આવિર્ભાવથી તુજ સચલ ગુણ માહરે, પ્રચ્છન્ન ભાવથી જોય. ૫.
શ્રી પંચાસરા પાસજી, અરજ કરૂ એક તુજ,
આવિર્ભાવથી થાય દયાળુ, કૃપાનિધિ કરૂણા કુજેજી મુજ. ૬.
શ્રી જિન ઉત્તમ તાહરી, આશા અધિક મહારાજ,
પદ્મવિજય કહે એમ લહું, શિવનગરીનું અક્ષય અવિચલ રાજ
પરમાતમ. ૭.

## ૪. મેરે સાહિબ ! તુમહિ હો

મેરે સાહિબ ! તુમહિ હો, પ્રભુ પાસ જિણંદા !
ખિજમતગાર ગરીબ હું, મે તેરા બંદા... મેરે. ૧

મેં ચકોર કરૂં ચાકરી, જબ તુમહિ ચંદા,
ચક્રવાક મેં હુઈ રહું... જબ તુમહિ દિણંદા. મેરે. ૨
મધુકર પરે મેં રણઝણુ... જબ તુમ અરવિંદા.
ભકિત કરૂં ખગપતિ પરે, જબ તુમહિ ગોવિંદા. ૩.
તુમ જબ ગર્જિત ઘન ભયે, તબ મેં શિખિનંદા,
તુમ સાયર જબ મેં તદા, સરસરિતા આમંદા. ૪ .
દુર કરો દાદા પાસજી ! ભવ દુખકા ફંદા
વાચક જશ કહે દાસકું, દીયો પરમાનંદા. મેરે. ૫.

## ૫. ચાલ ચાલ રે કુંવર !

ચાલ ચાલ રે કુંવર ! ચાલ તાહરી , ચાલ ગમે રે.... તાહરી...
તુજ દીઠડા વિણ મીઠડા મારા, પ્રાણ ભમે રે ... મારા... ૧.
ખોળા માંહિ પડતું મુકે રીસે દમે રે,
માવડી વિણ આવડું ખુંદ્યુ કોણ ખમે રે, તાહરી... ૨.
માતા વામા કહે મુખડું જોતા દુખડા શમે રે.
લળી લળી ઉદય રત્ન પ્રભુજી ! તુજને નમે રે... તાહરી... ૩.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Gunchandrasuriswarji Jain Tatvagyanshala



## ૧. જિન તેરે ચરણ કી શરણ ગ્રહું....

જિન તેરે ચરણ કી શરણ ગ્રહું.... (૨)
હૃદયકમલ મેં ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહુ. જિન૦ ૧
તુમ સમ ખોળ્યો દેવ ખલકમેં, પાયો નહી કબહું. જિન૦ ૨
તેરે ગુણ કી જપું જપમાલા, અહોનિશ પાપ દહું. જિન૦ ૩
મેરે મનકી તુમ સબ જાનો, કયાં મુખ બહોત કહું. જિન૦ ૪
કહે જસવિજય કરો ત્યું સાહિબ, જયું ભવદુઃખ ન લહું જિન૦ ૫

## ૨. અબોલડાં શાનાં લીધાં છે રાજ

અબોલડાં શાનાં લીધાં છે રાજ, જીવ જીવન પ્રભુ મારા
તમે અમારા અમે તમારા, વાસ નિગોદમાં રહેતા, અબોલડાં. ૧
કાલ અનંતના સ્નેહી પ્યારા, કદીય ન અંતર કરતા,
બાદર સ્થાવરમાં બેહુ આપણ, કાલ અસંખ્ય નિગમતા. અબોલડાં. ૨
વિકલેન્દ્રિયમાં કાલ સંખ્યાતા, વિસર્યા નવિ વિસરતા,
નરકસ્થાને રહ્યા બેહુ સાથે, તિહાં પણ બહુ દુઃખ સહેતાં. અબોલડાં. ૩
પરમાધામી સનમુખ આપણ, ટગ ટગ નજરે જોતાં,
દેવના ભવમાં એક વિમાને, દેવના સુખ અનુભવતાં. અબોલડાં. ૪
એકણ પાસે દેવશય્યામાં, થેઈ થેઈ નાટક સુણતાં,
તિહાં પણ તમે અને અમે બેઈ સાથે, જિન જન્મ મહેત્સવ કરતા. અબોલડાં. ૫
તિર્યંચ ગતિમાં સુખદુઃખ અનુભવતા, તિહાં પણ સંગે ચલંતા,
એકદિન સમવસરણમાં આપણ,જિનગુણ અમૃત પીતા. અબોલડાં. ૬



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasurishwarji Jain Tatvagyanshala
એકદિન તમે અને અમે બેઉ સાથે, વલડીઓ વગાડીએ ફરતા,
એકદિન તમે અને અમે બેઉ સાથે, ગેડી દડે નિત્ય રમતા. અબોલડાં. ૭
તમે અને અમે બેઉ સિદ્ધ સ્વરૂપી, એવી કથા નિત્ય કરતાં,
એક કુલ એક ગૌત્ર એક ઠેકાણે, એક જ થાળીમાં જમતા. અબોલડાં. ૮
એકદિન હું ઠાકોર તમે ચાકર, સેવા માહરી કરતા,
આજ તો આપ થયા જગ ઠાકોર, સિદ્ધિ વધૂના પનોતા. અબોલડાં. ૯
કાલ અનંતનો સ્નેહ વિસારી, કામ કીધાં મનગમતા,
હવે અંતર કેમ કીધું પ્રભુજી, ચૌદ રાજ જઈ પહોંતા. અબોલડાં. ૧૦
દીપવિજય કવિ રાજ પ્રભુજી, જગતારણ જગનેતા,
નિજ સેવકને યશપદ દીજે, અનંત ગુણી ગુણવંતા. અબોલડાં. ૧૧

## પરમાત્મા ભકિત ગીત

### ૧. તને નાથ સદા સમરૂ છું

તને નાથ સદા સમરૂ છું
તારા ચરણે જીવન ધરૂ છું .....તને નાથ....૧
તું છે સૌનો તારણહારો, રક્ષા કરજે મારી
ના જોઈશ તું અવગુણ મારા, ભવથી લેજે ઉગારી
હું તો ભવોભવ ભ્રમણ કરૂ છું....તારા ચરણે....૨
દર્શન તારૂં પામી શકું હું દષ્ટિ એવી દેજે
સહુનો મિત્ર બનું સૃષ્ટિમાં શકિત એવી દેજ
હું તો તુજ ગુણગાન કરૂ છું.... તારા ચરણે....૩
શ્વાસે શ્વાસે સ્મરણ કરૂં છું, હે ત્રિભુવનના સ્વામી
જીવન આશા પૂરી કરજે હે જગનાં વિશરામી
હું તો નિતમિત સ્તવન કરૂં છું.... તારા ચરણે....૪
પાટણ મધ્યે પંચાસરા પ્રભુ જોતા હૈયું હરખે
વિનવે આજે બાળક તારા કરૂણા એવી કરજે
તુજ શાસન રાગી બનું છું....તારા ચરણે....૫.
www.jaintatvagyanshala.org

Aacharya Vijay Shri Hemendrasurishwarji Jain Tatvagyanshala

## ૨. મારા વ્હાલા પ્રભુ ક્યારે મળશો હવે

મારા વ્હાલા પ્રભુ કયારે મળશો હવે
મારી આશા પુરી કયારે કરશો હવે...૧.
ભવસાગરમાં ભમતા ભમતા આવ્યો તમારે દ્વારે (૨)
પ્રભુ તું જો મળે મારી ભકિત ફળે....... મારા વ્હાલા.....૨.
દર્શન જ્ઞાન ચારિત્ર આરાધી થાવું હું તો પાવન ......(૨)
રત્નત્રયી મળે મારી ભકિત ફળે.... મારા વ્હાલા.....૩.
જિન આગમની વાણી સુણીને થાઉં હું તો પાવન...(૨)
તારી વાણી મળે આતમ જ્ઞાની બનું.... મારા વ્હાલા.....૪.
સદ્ગુરૂ સંગે ચઢતે ઉમંગ જીવન નિર્મલ કરીએ (૨)
અંતે સમાધિ મળે વહેલા મોક્ષ મળે.... મારા વ્હાલા.....૫

## વિયોગના દુઃખ ના જોઈએ તો...

વિયોગના દુઃખ ના જોઈએ તો સંયોગો સંભારજો
ભવોભવોના દુઃખ ના જોઈએ તો, ભકિતમાં મન વાળજો.
રાગ હશે ત્યાં દ્વેષજ રહેશે (૨) જાણે રે પડછાયો
મુકત દશા ત્યારે રે મળશે (૨) આતમ જયાં ઓળખાયો (૨)
ભવભવોનાં દુઃખ...
શિરપર બોજો ના જોઈએ તો (૨) મુકિત રે સંભારજો..
ત્યાગ વિશેજો રાગ વધે તો, ઝાઝા ઝગડા ટાળજો (૨)
ભવભવોનાં દુઃખ...
નમો મારણ જો મળી જાયે તો, ભકિત મારગ માણજો (૨)
અંધારા જો ના જોઈએ તો જયોતિને સંભાળજો... ભવભવોનાં દુઃખ...
પંથ સહુના ન્યારા ન્યારા, આતરામ સહૂ એક
લીપી જુદી સહુ ભાષાઓની, ધ્યેય આખરે એક
ભવભવોનાં દુઃખ...
કર્મ બંધન જો ના જોઈએ તો બંધ સમયે સંભાળજો
ઉદયે સંતાપ વાધેના ભકિતમાં મન વાળજો....
ભવભવોનાં દુઃખ...

www.jaintatvagyanshala.org

Aacharya vijay Shri Suryodaysuriswarji Jain Tattvagyanshala

## મંગળ હોજો મંગળ હોજો

મંગળ હોજો, મંગળ હોજો, વિશ્વ સકળનું મંગળ હોજો,
મંગળ હોજો, મંગળ હોજો, સકળ જગતનું મંગળ હોજો....૧.
પ્રાણી માત્ર છે, મિત્રો મારા, લાગે મુજને બધાયે પ્યારા,
સહુ જીવોને શાંતિ હોજો, પ્રાણીમાત્રનું મંગળ હોજો....૨.
ગુણવંતોના ગુણલા ગાઉં, ગુણવંતો પર વારી જાઉં,
ગુણીજનોનું ગૌરવ હોજો, ગુણીજનોને વંદન હોજો...૩.
દુખિયારાનાં આંસુ લુછું, દુખિયારાનાં સુખ દુઃખ પૂછું,
કોમળ હૈયું હોજો, ભીના ભીના લોચન હોજો....૪.

## પરમેશ્વર પાસે પરમ યાચના

આ ભવ મળીયા ને પરભવ મળજો
સેવા તમારી ભવોભવ મળજો....૧.
ડગમગ ડોલે આ નૈયા હમારી
સુકાની થઈને તારજો સ્વામી...૨.
કુમકુમ પગલે આપ પધારી
હૃદય મંદિરમાં નાથ બિરાજો...૩.
હું છું અનાથ ને તમે મારા નાથ
હાથ ઝાલો ને હવે દિનાનાથ....૪.
હું છું રાગી ને તમે વીતરાગી
સેવકના લ્યોને કાર્ય સંભાળી....૫.
સફળ થયો નરજન્મ અમારો
અંતરથી ગુણ ગાયા તમારા....૬.
શરણું તમારૂ ભવભવ મળજો
દર્શન તમારા અહોનિશ ફળજો....૭.
આ ભવ મળીયા ને પરભવ મળજો.....


www.jaintattvagyanshala.org

# ઝંખના

હે પરમાત્મા.....

દેવોની પાસે જે વૈક્રિય લબ્ધિ હોય છે. તે લબ્ધિ મને આપો

જેના કારણે ભૂતકાળમાં જે કોઈ તીર્થ થઈ ગયા,

ભવિષ્યકાળમાં જે તીર્થંકરો થવાના અને વર્તમાનકાળમાં

જે કોઈ તીર્થંકરો વીચરી રહ્યા હોય તે

પ્રત્યેક તીર્થંકરના અનંતા અનંત જિનાલયો બનાવું.

અનંતી અનંત પ્રતિમાઓ ભરાવું, દરેક પ્રતિમા સમક્ષ મારા એક એક

રૂપને મુકી અષ્ટપ્રકારી પૂજા કરૂ.

તેમજ સ્નાત્ર પુજા વગેરે ઉત્કૃષ્ટ કોટીની ભકિત કરૂ.

તેમજ વર્તમાનકાળમાં ત્રણે લોકમાં જયાં જયાં જિન પ્રતિમા હોય

તે દરેક પ્રતિમા સમક્ષ મારૂ એક એક સ્વરૂપ મૂકી

ઉત્કૃષ્ટ કોટીની ભકિત ભાવના, સ્નાત્ર પૂજા

તેમજ અષ્ટપ્રકારી પૂજાની ક્રિયા દ્વારા મને સમ્યગ્ દર્શન- જ્ઞાન

ચારિત્ર સાથે મોક્ષ પદની પ્રાપ્તિ થાઓ.

પ.પૂ. આ. શ્રી વિજયરામસૂરીશ્વરજી
(ડહેલાવાળા)ની પ્રેરણાથી

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ગુરૂ વંદના

શ્રી રૂપવિજય પંન્યાસ પાટે, ધર્મ સૂરેન્દ્ર ગુરૂવરની વાટે
શાસનધૂરાને સંભાળનારા, નમન છે નમન છે ગુરૂરામ મારા..... (૨)

સ્મરણ માત્ર જેનું સદા સુખદાઈ, ગુરૂનામ લઉ હું સદા હર્ષલાઈ
પ્રભુ રામસૂરિ ગુરૂરાજ મારા, નમન છે નમન છે ગુરૂરામ મારા..... (૨)

વિચારૂં શી રીતે નથી આપ સામે, નોંધારા છોડી ગયા સ્વર્ગધામે,
હસતા ભલે હો રૂવે છોરૂ તારા નમન છે નમન છે ગુરૂરામ મારા..... (૨)

**(રાગઃ મંદિર છો મુક્તિતણા)**

ક્રોડો ભવોના પુન્યયોગે રામ જેવા ગુરૂ મળ્યા,
પણ ઋણ ચુકવી ના શકયો, ગુરૂરામ ને ના ઓળખ્યા,
કરૂણા કરો ગુરૂદેવ મુજપર કયારે મળશો હવે મને,
તપાગચ્છનાં શિરતાજ સરીશ્વર વંદના કરૂં રામને.... (૨)

માંગુ ભવો ભવ રામ જેવા ગુરૂનું અનુશાસન મળો,
માંગુ ભવોભવ રામ જેવા યોગક્ષેમક ગુરૂ મળો,
મુક્તિ મળે નહી ત્યાં સુધી ગુરૂ રામ સમ તારક મળો,
તપાગચ્છનાં શિરતાજ સૂરીશ્વર વંદના કરૂં રામને..... (૨)

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

## ::: શ્રેષ્ઠ શિબિરાર્થી બનવા માટેનાં નિયમો :::

૧. સવારે ઉઠતાં આઠ નવકારમંત્ર અને સુતા સમયે સાત નવકારનું સ્મરણ કરવું.

૨. સવારે ઉઠીને પ્રભુદર્શન કર્યા બાદજ મોઢામાં અન્નજળ નાંખવું.

૩. હરહંમેશ મધ્યાહ્‌ન સમયે (બપોરે) પ્રભુ પુજા કરવી.

૪. દરરોજ ૧૦૮ નવકારની એક બાંધી માળા ગણવી.

૫. દરરોજ કમ સે કમ એક નવી ગાથા કરવી.

૬. દરરોજ ઓછામાં ઓછું એક સામયિક કરવું.

૭. "નમો નાણસ્સ" એ પદની રોજ પાંચ અથવા એક માળા તો અવશ્ય ગણવી.

૮. સવારે ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચક્‌ખાણ અને સાંજે ચૌવિહાર અને ન થાય તો તિવિહારનું પચ્ચક્‌ખાણ તો અવશ્ય કરવુ.

૯. ભોજન કરતાં કયારેય બોલવું નહી. અને બોલવું પડે તો મુખશુદ્ધિ કર્યા પછી  જ બોલવું.

૧૦. શાસન સેવા કે ગુરૂભકિતની તક મળે તો ગુમાવવી નહી.

૧૧. દરરોજ ચૈત્યવંદન તેમજ ગુરૂવંદનાદિ અવશ્ય કરવા.

૧૨. વર્ષમાં એકવાર તો તીર્થયાત્રા અવશ્ય કરવી.

૧૩. શિબિર દરમ્યાન તથા જીવન દરમ્યાન પણ શિસ્ત સભ્યતાનું પાલન કરવું.

૧૪. ઉપરોકત નિયમોનાં પાલનમાં જયારે ચૂક થાય ત્યારે મનભાવતી વસ્તુનો ત્યાગ કરવો.

www.jaintatvagyanshala.org